| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૨૬–૧૧–૨૦૨૫ | | |
| રજીસ્ટરે લીધા તારીખઃ | ૨૬–૧૧–૨૦૨૫ | | |
| ફેંસલ તારીખઃ | ૦૨–૦૬–૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૦૭ |

सत्यमेव जयते

## મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ: આણંદ.

### ક્રિમિનલ અપીલ નંબર– ૪૯૧/૨૦૨૫

**આંકઃ–**

**વિવાદીઃ** જોલીબેન તે રણછોડભાઈ પ્રજાપતિની પુત્રી તે
(મુળ અરજદાર) જયેશભાઈ લક્ષ્મણભાઈ પ્રજાપતિની પત્ની
ઉં.વ. ૩૮, ધંધોઃ ઘરકામ
રહે.મુ.પો.આણંદ, ૧૦૦ ફૂટ રોડ, નાની
તા. જિ. આણંદ.

**વિ રૂ ધ્ધ**

**પ્રતિવિવાદીઃ** (મુળ સામાવાળા)

૧. લક્ષ્મણભાઈ બિજલભાઈ પ્રજાપતિ (સસરા)
૨. મીઠીબેન લક્ષ્મણભાઈ પ્રજાપતિ (સાસુ)
૩. નગીનભાઈ લક્ષ્મણભાઈ પ્રજાપતિ (જેઠ)
૪. રમીલાબેન નગીનભાઈ પ્રજાપતિ (જેઠાણી)
૫. ધ્રુવભાઈ નગીનભાઈ પ્રજાપતિ (જેઠનો છોકરો)
૬. આરતીબેન નગીનભાઈ પ્રજાપતિ (જેઠની છોકરી)
નં.૧ થી ૬ તમામ રહે.મુ.લાડવી,
તા.કામરેજ, જિ.સુરત.
૭. અંજુબેન ભરતભાઈ પ્રજાપતિ (નણંદ)
રહે.આદર્શ બંગ્લોઝ, ચલથાણ,
તા.પલસાણા, જિ.સુરત.
૮. સવિતાબેન લાલજીભાઈ પ્રજાપતિ (નણંદ)
૯. લાલજીભાઈ મેઘજીભાઈ પ્રજાપતિ(નણંદોઈ)
નં.૮–૯ રહે.મુ. ઉભેળ,બેંક ઓફ બરોડાની પાસે,
તા.કામરેજ, જિ. સુરત.
૧૦. કાંતાબેન અરવિંદભાઈ પ્રજાપતિ (નણંદ)
રહે.મુ. ઉભેળ, બેંક ઓફ બરોડાની પાસે,
તા.કામરેજ, જિ. સુરત.

૧૧. ગુજરાત સરકારીશ્રી

**વિવાદ:–** ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ– ૨૯ મુજબ અપીલ

---

**એપીરીયન્સ:–**
વિવાદી તરફે વિદ્ધાન વકીલ શ્રી એમ.ડી. મકવાણા.
પ્રતિવિવાદી નં.૧ તરફે વિદ્ધાન શ્રી એન.એમ.ભરવાડ.
પ્રતિવિવાદી નં.૨ તરફે વિદ્ધાન પબ્લિક પ્રોસીક્યુટરશ્રી એન.પી. મહીડા.

---

## –: ચુ કા દો :–

(૧).. પ્રસ્તુત અપીલ વિવાદી/મુળ અરજદાર તરફે આણંદના વિદ્ધાન આઠમા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમિનલ પરચુરણ અરજી નંબર– ૨૬૧/૨૦૨૨ ના કામે તારીખઃ ૩૦–૧૦–૨૦૨૫ના રોજ કૌટુંબિક હીંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૦૫ની કલમ– ૩, ૧૨, ૧૭, ૧૯, ૨૦ તથા ૨૨ મુજબના ગુનાના કામે તેઓની અરજી અંશતઃ મંજૂર રાખી સામાવાળા નં.૧ એ અરજદાર નં.૧ ને ભરણ–પોષણ પેટે માસિક રૂ.૬,૫૦૦/– તથા અરજદાર નં.૨ સગીર દિકરીને ભરણ–પોષણ પેટે માસિક રૂ.૩,૫૦૦/– ચુકવી આપવા તેમજ સામાવાળા નં.૧ એ અરજદારને તેઓએ કરેલ માનસિક અને આર્થિક ત્રાસની પીડા સબબ આ કાયદાની કલમ– ૨૨ અન્વયે વળતર પેટે રૂ.૨૫,૦૦૦/– ચુકવી આપવાના કરેલ હુકમથી નારાજ થઈ વિવાદી– મુળ અરજદારે તરફે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ– ૨૯ અન્વયે પ્રસ્તુત અપીલ દાખલ કરેલ છે. સરળતા ખાતર આ ચુકાદામાં કેટલીક જગ્યાએ વિવાદીને સામાવાળા તરીકે અને પ્રતિવિવાદીને અરજદાર તરીકે સંબોધેલ છે.

**<u>વિવાદીની અપીલની ટૂંક હકીકતઃ–</u>**

(૨).. વિવાદીએ ટ્રાયલ કોર્ટમાં કરેલ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન પ્રજાપતિ જયેશભાઈ લક્ષ્મણભાઈ સાથે તા. ૧૩/૦૨/૨૦૧૨ હિન્દુ રીત રીવાજ મુજબ આણંદ થયેલા અને લગ્ન સમયે અરજદારને તેમના માતા–પિતા અને સગા–વ્હાલાઓ દ્વારા આપવામાં આવેલ દરદાગીના અને સ્ત્રીધનનો સામાન અને ફર્નિચરનો સામાન તેમજ રોકડ રકમ લઈને તેઓના પતિના ઘરે લગ્નસંસાર ચલાવવા માટે લાડવી મુકામે ગયેલ. સામાવાળાઓ અરજદારના સબંધીઓ અને સાસરીપક્ષના લોકો છે. અરજદારના લગ્ન બાદ તેઓનું લગ્નજીવન સારૂ ચાલતું હતું પરંતુ સામાવાળા નં. ૧ થી ૧૦ અવાર–નવાર અરજદારને તેઓના સાસુ–સસરા તથા જેઠ–જેઠાણી યેનકેન પ્રકારે નાની નાની બાબતોમાં મહેણાં ટોણાં મારવાનું ચાલુ કરેલ અને નાની નાની બાબતોમાં વાંક પાડીને અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપવાનું ચાલુ કરેલા અને એક નોકરાણીની જેમ કામ કરાવતા હતાં અને તમામ ઘરના સભ્યોએ અરજદારને ટોર્ચર કરવાનું ચાલુ કરેલ અને તેઓનો શારીરિક માનસિક ત્રાસ ખૂબ જ વધી ગયેલો અને અરજદારના સાસુ અરજદારને નાની નાની બાબતોમાં વાંક પાડતાં હતાં અને અરજદારને તેઓના ઘરેથી કરીયાવરમાં લગ્ન સમયે પણ તારા માતાએ કાંઈ આપ્યું નહીં તેમ જણાવીને અવારનવાર અહેણાં ટોણાં મારતાં હતાં. તેમ છતાં અરજદાર તેઓનું લગ્નસંસાર ચલાવી જતાં હતાં. અરજદારને લગ્નનો ઘણો સમય થઈ ગયેલ હોય અને સામાવાળાઓ અરજદારને અવાર–નવાર દહેજની માંગણી કરતા રહેતા હોય અને અરજદારને સામાવાળાનાઓ તેઓના પિયરપક્ષમાં કોઈ સંબંધ રાખવાનો નહી તેમજ પિયરપક્ષનું કોઈ તેઓની સાસરીમાં ના જોઈએ તેમ જણાવતા હતા તેમ અરજદાર સાથે સામાવાળાઓ ઝઘડો કરતા રહેતા. ત્યારબાદ અરજદારને તેઓના પતિના સહવાસથી

તા.૧૭/૦૨/૨૦૧૪ ના રોજ બાળક પ્રથમનો જરા થયેલ જેની ઉં.વ.આ. ૮ વર્ષ છે. ત્યારબાદ તારીખઃ ૨૩/૦૪/૨૦૨૧ ના રોજ અરજદારના પતિનું કોરોના કારણે અવસાન થયેલું. અરજદારના પતિના અવસાન બાદ અરજદારને મળવાપાત્ર રકમ તેઓની બેંક ઓફ બરોડા, ઉભેળ શાખા તથા વરાછા બેંકના ખાતામાં જમા થયેલ અને સદર રકમ જમા થયાની જાણ સામાવાળાનાઓને થતા તેઓએ અરજદારની કોરા ચેકોમાં સહી કરાવી લીધેલ અને તેઓની પાસે રાખેલ તેમજ અરજદારનું આધારકાર્ડ, પાનકાર્ડ તેમજ અરજદારના પુત્રના જન્મનું પ્રમાણપત્ર તથા તેઓના પતિના ડૉકયુમેન્ટ લઈને સામાવાળાએ મુકી રાખેલ. ત્યારબાદ સામાવાળાએ અરજદારની જાણ બહાર તેઓના પતિના નામે જી.સી.બી. તથા વૈભવી અને આલીસાન ફોરચ્યુનર ગાડી તથા તેના જેવી અન્ય અલગ–અલગ મોડલ અને કંપનીની ફોર વ્હીલર ગાડીઓ જે અરજદારના પતિના નામે આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ હોય અને તેના માલીક અરજદારના પતિ હોય તેમજ ડમ્ફર તેઓના પતિના નામે હતા. તે તમામ તેઓના પતિના અવસાન થયા બાદ તેઓના સિધી લીટીના વારસદાર તરીકે અરજદાર તથા તેમના પછી પુત્ર પ્રથમ તે તમામ ગાડીઓ આ કામના સામાવાળાએ તેઓની પાસેથી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરીને આર.ટી.ઓ.ને લગતા નામ ટ્રાન્સફરના ફોર્મની અંદર સહી અંગુઠા કરાવી લઈને લઈ લીધેલ. હાલમાં માત્ર ફોરચ્યુનર ગાડી અરજદારના નામે ચાલે છે જે ગાડી સામાવાળા તેઓના નામે કરાવવા માંગતા હોય જેના કારણે માર્ચ ૨૦૨૨માં તેઓની સાથે બળજબરી કરી સહીઓ કરાવવા દબાણ કરેલ જેથી તેઓએ તે બાબતે સ્પષ્ટ ઈનકાર કરતા આ કામના સામાવાળાઓએ તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ તેઓના માતા–પિતાને બોલાવી તેઓને પહેરેલ કપડે તેઓના પુત્ર સાથે ઘરની બહાર કાઢી મૂકેલા અને સામાવાળાએ જણાવેલ કે "તારો પતિ

મરી ગયો એટલે તું અમારા કોઈ કામની નથી અને હવે તારે અહિયા રહેવાનો કોઈ હકક અધિકાર નથી તું તારા બાપના ઘરે જઈ પડી રહેજે અહીંયા પાછી આવતી નહીં નહીંતો જીવતી સળગાવી દઈશું" તેવી ધાક–ધમકીઓ આપીને તેઓના માતા–પિતા સાથે કાઢી મૂકેલા. ત્યારથી તેઓ તેમના પિયર આણંદ મુકામે પુત્ર સાથે રહે છે. ત્યારથી અરજદાર તેઓના માતા–પિતાના ત્યાં ઓશિયાળુ જીવન જીવે છે અને તેઓ તથા તેઓના બાળકની ભવિષ્યની સતત ચિંતા કરે છે. સામાવાળા નં. ૧ થી ૧૦ એ અરજદારને ખૂબજ શારીરિક માનસિક ત્રાસ આપેલ છે. અરજદારને સામાવાળાઓ તેઓની પ્રોપટીમાં શાંતિથી તેઓના બાળક સાથે રહેવા દે તે માટે તેઓએ તથા સમાજના અગ્રણીઓ દ્વારા સમજાવટ કરવાનો ઘણો પ્રયત્ન કરેલ હોય તેમ છતાં સામાવાળાઓ તેઓની જ મિલ્કત પચાવી લઈને તેઓને રહેવા દેવા માંગતા ન હોય અને ઘરમાંથી પહેરેલ કપડે તેઓનું તમામ પ્રકારનુ સ્ત્રીધન સામાવાળાઓએ લઈ લીધેલ હોય જેથી તેઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવેલ છે. સામાવાળાઓએ અરજદારનો સ્વેચ્છાએ ત્યાગ કરેલ હોય ત્યારથી અરજદાર તેઓના માતાના ઘરે ઓશીયાળું જીવન વિતાવે છે. સામાવાળાઓ શ્રી ચામુંડા કાર્ટીંગ તેમજ રેતી–કપચીનો વેપાર ધંધો ખૂબજ મોટા પાયે કરે છે અને મહિને રૂા. ૫ થી ૧૦ લાખ સુધીની આવક મેળવે છે. તેમજ ટેમ્પા ડમ્પરો ધ્વારા માલ–સામાન ટ્રાન્સફરનો વેપાર ધંધો કરે છે અને ઘણા મકાન તેઓની સાસરીમાં તથા ફલેટો સામાવાળાઓ ધરાવે છે તેમજ સામાવાળાને અરજદાર સિવાય અન્ય કોઈની ભરણ–પોષણ કરવાની જવાબદારી ન હોય તેમજ અરજદાર આ મોંઘવારીમાં જીવન નિર્વાહનો ખર્ચા કરી શકે તેમ નથી અને અરજદાર તેઓનું તથા તેમના સગીર પ્રથમનું ભરણ–પોષણ કરી શકે તેમ ના હોય જે હકીકત સામાવાળા સારી રીતે જાણતા હોવા છતાં અરજદારના

ભરણ–પોષણની કોઈ જ વ્યવસ્થા કરેલ ના હોય તથા તેઓને લગ્ન જીવન દરમ્યાન શારીરિક અને માનસીક ત્રાસ આપીને સતત દહેજની માંગણીઓ કરીને મારઝુંડ કરેલ હોય અને તેઓનો સ્વેચ્છાએ ત્યાગ કરેલ છે. આમ, અરજદારે સામાવાળા દ્વારા અરજદારના રહેઠાણ, ભરણ–પોષણ અને અરજદારને આપેલ શારીરિક માનસિક ત્રાસ બદલ વળતર ચુકવવા અને સ્ત્રીધનની વસ્તુઓ પાછી આપવા તેમજ અરજદારે તેઓની અરજીમાં આ કાયદાની કલમ–૩, ૧૨, ૧૭, ૧૯, ૨૦ તથા ૨૨ અન્વયે અરજીમાં જણાવ્યા મુજબની દાદની માંગણી કરેલ છે.

(૩).. **વિવાદીએ પ્રસ્તુત અપીલ મુખ્યત્વે નીચે મુજબના કારણોસર દાખલ કરેલ છે.** વિવાદી/આરોપીએ પ્રસ્તુત અપીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ટ્રાયલ કોર્ટેનો વાદગ્રસ્ત હુકમ કાયદા તથા પડેલ પુરાવા તેમજ હકીકત વિરુદ્ધનો છે. સામાવાળાઓની જાહેર સ્થાવર જંગમ મિલકત તથા તેઓની માસિક અને વાર્ષિક આવક જણાવેલ હોય અને તે અપીલ સાથે પુરાવાના સોગંદનામા થકી સચોટ રીતે કોર્ટના રેકર્ડ ઉપર સામાવાળાઓની ચોખ્ખી આવક લાવેલા હોય તેમ છતાં સામાવાળાઓના મોભા પ્રમાણે અરજદારને માસિક ખાધા–ખોરાકીની રકમ જે આપવાનો હુકમ કરવામાં આવેલ છે તે ઘણો ઓછો હોય અને સામાવાળાઓની આવક ઘણી વધારે હોય અને આટલી કારમી મોંઘવારીમાં અરજદાર નં.૧ વિધવા બાઈ હોઈ અને અરજદાર નં. ૨ હાલ સગીર હોય તેના લાલન–પાલન અને ભણતર અને ભવિષ્યમાં વધુ ખર્ચ થાય તેમ હોય જેથી પણ ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ રદ કરી અરજદારની મુખ્ય ડૉમેસ્ટીકની અરજીમાં માંગવામાં આવેલ દાદ મુજબની ભરણ–પોષણની રકમ તેમજ તેઓનું સ્ત્રીધન અરજદાર નં.૧ અને નં.૨ ને અપાવવા અરજ કરેલ છે. અરજદારના પતિના ગુજરી ગયા બાદ સામાવાળાઓએ તેઓની માલીકીનો શ્રી ચાંમુડા

કાર્ટીંગ રેતી કંપચી નો ધંધો વિશ્વાસઘાત અને છેતરપીંડીથી લઈ લીધેલ અને હાલમાં સામાવાળાઓ આ ધંધો કરે છે તેમજ વાહનો જેમાં ત્રણ ટ્રક અને એક જે.સી.બી. તેઓ વિશ્વાઘાત અને છેતરપીંડી કરી લઈ લીધેલ હોય તેમજ એક ફોરચ્યુનર ગાડી સામાવાળાઓએ ભેગા મળીને વેચી દીધેલ હોય અને તે બાદ સામાવાળાઓએ ભેગા મળીને વિવાદીના એકાઉન્ટમાંથી તેણીના ચેકો મેળવીને વિશ્વાસઘાત કરીને રૂા.૫,૦૦,૦૦૦/– ઉપાડી લીધેલ તેમજ સામાવાળાઓ અરજદારના પતિનો ધંધો કરતા હોય અને તેઓના સીધી લીટીના વારસદાર અરજદાર નં.૧ અને નં.૨ પત્ની તથા પુત્ર થતાં હોઈએ જેથી અરજદારને તેમાંથી આવતી આવક મેળવવા હક્કદાર છે. સામાવાળાઓ કાર્ટીંગ તેમજ રેતી–કપચીનો વેપાર ધંધો ખૂબજ મોટા પાયે કરે છે અને મહીને રૂા.૫ થી ૧૦ લાખ સુધીની આવક મેળવે છે તેમજ ટેમ્પા ડમ્પરો દ્વારા માલ–સામાન ટ્રાન્સફરનો વેપાર ધંધો કરે છે અને ઘણા મકાન તથા ફલેટો સામાવાળાઓ ધરાવે છે જેમાં એક એપાર્ટમેન્ટ ૬૦ ફલેટનું અને અન્ય ફલેટો અને મકાનો અને ખેતીની આવક પણ ધરાવે છે. સામાવાળાને અરજદાર સિવાય અન્ય કોઈની ભરણ–પોષણ કરવાની જવાબદારી નથી. સામાવાળા તેઓની માલીકીના મકાનોમાં રહેતાં હોય અને અરજદાર નં.૧–૨ તેમના પુત્રને લઈને ભાડાનું મકાન રાખીને ઓશિયાળું જીવન વીતાવતાં હોય તેમજ અરજદારની માલીકીનું મકાન સામાવાળાઓએ અન્યને ભાડે આપી દીધેલ હોય તેમાંથી માસિક રૂા.૫,૦૦૦/– મેળવે છે અને તેમાંથી પણ તેઓને કોઈ રકમ આપતા નથી અને તે મકાનનો કબજો માંગવા છતાં આપેલ નથી તેમજ તેનો અસલ દસ્તાવેજ પણ આપતા નથી. સામાવાળાઓએ તેઓને તેમના ગુજરનાર પતિના હકક હિસ્સામાં આવતાં મકાનમાં રહેવા દીધેલ ના હોય કે મકાન ભાડે અપાવી ભાડાની રકમની ચુકવણી આજદિન સુધી કરેલ ના હોય તેમજ અરજદાર નં.૨ ઈંગ્લીશ

મીડીયમ સ્કુલમાં અભ્યાસ કરે છે અને તેઓ ખર્ચ વધારે હોય જે નીચેની કોર્ટ ધ્યાને લીધેલ નથી. સામાવાળાઓએ અરજદારને મારઝુંડ કરી શારીરિક માનસિક ત્રાસ આપીને સ્વૈચ્છાએ ત્યાગ કરેલ હોય તેમજ અરજદારના સ્ત્રીધનનો સામાન તેમજ જરૂરી ડોકયુમેન્ટસ પણ પરત આપેલ ના હોય અને અરજદારોને ઘરમાંથી પહેરેલ કપડે જાનથી મારી નાંખવાની ધમકી આપીને કાઢી મુકેલ જેથી ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ રદ કરી અરજદારની મુખ્ય ડૉમેસ્ટીકની અરજીમાં માંગવામાં આવેલ દાદ મુજબની ભરણ–પોષણની રકમ તેમજ સ્ત્રીધન અરજદાર નં.૧ અને નં.૨ ને અપાવવા અને ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ રદ કરવા તથા અપીલ મંજૂર કરવા અરજ કરેલ છે.

<u>**દલીલઃ–**</u>

(૪).. વિવાદી તરફે આંકઃ ૦૭ થી લેખિત દલીલો રજૂ રાખેલ છે જેમાં મુખ્યત્વે તેમની મુળ ભરણ–પોષણની અરજી તથા અપીલ મેમોમાં જણાવેલ કારણો દર્શાવેલા છે અને વધુમાં જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટે સામાવાળા માતબર આવક મેળવે છે અને સામાવાળાની ચોખ્ખી આવક રેકર્ડ ઉપર લાવેલ હોવા છતાં તેને ધ્યાને લીધા સિવાય હુકમ કરેલ છે. કોઈ પણ અલગ ભાગ અરજદારને કે તેમના સંતાનને આપવામાં આવેલ નથી. વિવાદીના પતિનો પ્રાઈવેટ ધંધો છે તે સાબિત થતું હોવા છતાં ટ્રાયલ કોર્ટે રજૂ કરેલ પુરાવાને ધ્યાને લીધા સિવાય ખામીયુકત હુકમ કરેલ છે. સામાવાવાળી આવક અને આટલી કારમી મોંઘવારીને ધ્યાને લીધા સિવાય તેમજ સગીરના લાલન–પાલન અને ભણતર અને ભવિષ્યમાં વધુ ખર્ચ તાય તેમ હોય જેને ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધેલ નથી. સામાવાળાઓ અરજદારને તેમના ગુજરનાર પતિના હક્ક હિસ્સામાં આવેલા મકાનમાં રહેવા દેતા નથી જેથી સદર તમામ હકીકતોને ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટના હુકમમાં ફેરફાર કરી

ડોમેસ્ટીકની અરજીમાં માંગ્યા મુજબની દાદની રકમ મંજૂર કરવા અને અપીલ મંજૂર કરવા અરજ કરેલ છે અને તેમની રજૂઆતના સમર્થનમાં આંકઃ ૮ ના લિસ્ટથી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે જે ધ્યાને લીધા.

(૫).. પ્રતિવિવાદી નં.૧ તરફે તેમના વિદ્વાન વકીલશ્રીએ કરેલ રજૂઆતનો ટુંકસાર એવો છે કે, અરજદારના પતિ અવસાન પામેલ છે. પિયરમાં રહે છે. કુલ રૂ.૧૦,૦૦૦/– નો હુકમ થયેલ છે. અરજદારે પોતાના માટે ભરણ–પોષણ માંગેલ જ નથી. સામાવાળાએ અપીલ કરેલ જ નથી. મિલકતનો કેસ સુરત કોર્ટમાં પેન્ડીંગ છે. મરણજનારના નામે એક મકાન સુરત મુકામે છે અને અરજદારના કબજામાં જ છે. તમામ મિલકત લક્ષ્મણભાઈ બિજલભાઈની સ્વપાર્જિત છે. સામાવાળા બિમાર છે. અરજદાર ફોરચ્યુન કાર ધરાવે છે. અરજદારના પતિના મરણ પછી કલેઈમ અરજદારને મળ્યા છે જેથી હુકમ વ્યાજબી ન હોઈ અરજદારની અપીલ રદ કરવા અરજ કરેલ છે.

(૬).. પ્રસ્તુત અપીલ દાખલ થતાં પ્રતિવિવાદીઓને નોટીસ કરવામાં આવેલ છે તેઓ પોતાના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. મુળ કેસનું અસલ રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ મંગાવવામાં આવેલ છે. બંન્ને તરફેની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

(૭).. પ્રસ્તુત અપીલના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુ દ્દા :–**

(૧) શું વિવાદી બતાવી શકે છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા તા.૩૦–૧૦–૨૦૨૫ ના રોજ વિવાદી–અરજદાર તથા તેમના સગીર બાળકને ભરણ–પોષણ તથા વળતર ચુકવાનો જે હુકમ કરેલ છે તે હુકમ કાયદાના પ્રસ્થાપિત

સિદ્ધાંત વિરૂદ્ધનો અયોગ્ય, મનસ્વી અને ગેરકાયદેસરનો છે અને તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર છે ?

(૨) શું હુકમ?

**(૮).. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા તારણો નીચે મુજબ છે.**

૧). મુદ્દા નંબર– ૦૧ – નકારાત્મક.
૨). મુદ્દા નંબર– ૦૨– આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**મુદ્દા નંબર– ૦૧ :–**

(૯).. અપીલ મેમો તથા બંને તરફેની રજૂઆતો ધ્યાનમાં લીધી. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લીધું. વિવાદી– અરજદારે ટ્રાયલ કોર્ટમાં કરેલ અરજીને ધ્યાને લેતાં અરજદારે ફક્ત તેમના સગીર દિકરા માટે ભરણ–પોષણની માંગણી કરેલ છે, તેમના પોતાના માટે કોઈ ભરણ–પોષણની રકમની માંગણી કરેલ નથી તેમ છતાં ટ્રાયલ કોર્ટે અરજદારને પણ માસિક રૂ.૬,૫૦૦/– ચુકવી આપવા હુકમ કરેલ છે. એ હકીકત ઉલ્લેખનીય છે કે સામાવાળાએ સદર હુકમ સામે અપીલ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારને ભરણપોષણ ચૂકવવાનો જે હુકમ થયેલ છે તે અંગે કોઈ ટીકા ટીપ્પણી કરવાની જરૂરિયાત રહેતી નથી. અરજદારે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે વાલકેશ્વર રેસિડેન્સી કડોદરા સુરત મુકામે તેમના નામે માલિકીનું મકાન આવેલું છે જેથી ટ્રાયલ કોર્ટે રહેણાંક ભાડાની ચુકવણી અંગેનો કોઈ હુકમ કરેલ નથી અને તેમ કરવામાં ટ્રાયલ કોર્ટે કોઈ ભૂલ કરેલ હોય તેવું ફલિત થતું નથી. અરજદાર તરફે એવી રજૂઆત છે કે, સામાવાળાઓએ તેઓના મકાનનો કબજો લઈ લીધેલ છે અને મકાનમાં પ્રવેશ કરવા દેતા નથી અને મકાન ભાડે આપી દીધેલ છે, પરંતુ તે અંગેનો કોઈ પુરાવો રજૂ રાખેલ નથી. અત્રેની અપીલ અદાલત સમક્ષ દલીલ દરમિયાન વિદ્વાન વકીલશ્રીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે સુરત મુકામે જે

મકાન અરજદારના નામે છે તે છેલ્લા બે મહિનાથી તે અરજદારના કબજામાં જ છે, આ સંજોગોમાં અરજદારને ઘરભાડું ચૂકવી આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વળી અરજદારના માલિકી કબજામાં ફોરચ્યુન કાર પણ છે. અરજદાર તે સામાવાળાની જે અન્ય મિલકતો તેમના પતિની હોવાનું જણાવે છે અને સામાવાળા લક્ષ્મણભાઈ બિજલભાઈની સ્વપાર્જિત મિલકત નથી તેવી રજૂઆત કરે છે પરંતુ પોતાની રજૂઆતના સમર્થનમાં અરજદારે યોગ્ય પુરાવા રજૂ કરેલા નથી. અહીં એ પણ યાદ રાખવું જરૂરી છે કે આ સિવિલ લીટીગેશન નથી અને અરજદાર પોતાના સિવિલ હક માટે સિવિલ કોર્ટમાં અલગથી દાવો કરી શકે છે. અરજદારે ટ્રાયલ કોર્ટ સમક્ષ કરેલી પોતાની મુખ્ય અરજીના પેરેગ્રાફ નંબરઃ ૮ માં જે દાદ માંગેલી છે તેમાં સામાવાળા એટલે કે તેના નણંદ–નણદોઇ, જેઠ–જેઠાણી, જેઠનો છોકરો, જેઠની છોકરી વિગેરે વિરુદ્ધ કોઈ જ પ્રકારની દાદ માંગેલી ન હોવા છતાં તેમને મૂળ અરજીમાં પણ પક્ષકાર બનાવેલા છે અને અપીલના કામે પણ પક્ષકાર બનાવી તેમની સામે કાનૂનનો દુરુપયોગ કર્યો હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. આ અપીલના કામે તે પક્ષકારોને જોડવાનું કોઈ ઔચિત્ય જણાતું નથી. તેમ છતાં અરજદારે તેઓને પણ આ અપીલના કામે પક્ષકાર તરીકે જોડેલા છે. આમ આ પ્રકારે દૂર દૂરના સગાઓને ડૉમેસ્ટિક વાયોલન્સની અરજીમાં અને તેમાં પણ ખાસ કરીને ભરણ–પોષણ મેળવવા માટે કરેલી અરજીમાં પક્ષકાર તરીકે જોડવા કોઈપણ રીતે યોગ્ય ગણાય નહીં. તે રીતે જોતા અરજદારે કાયદાનો દેખિતો દુરુપયોગ કર્યો હોય તેવું પણ કહેવું અયોગ્ય ગણાશે નહીં. અરજદારે પોતાની મુખ્ય અરજીમાં સાસરીના મકાનમાં રહેવા માટેની દાદ માંગેલ છે વિકલ્પે ઘરભાડાની માંગણી કરેલી છે. વધુમાં અરજદારે આર્થિક સહાય પેટે સામાવાળા પાસેથી રૂ.૧૦,૦૦,૦૦૦/– ની માંગણી કરેલી છે.

અરજદારે પોતાના બાળકના ભરણ–પોષણ પેટે માસિક રૂપિયા ૨૦,૦૦૦/– ની માંગણી કરેલી છે. તથા અરજદારને આજીવન અને ભવિષ્ય માટે ખર્ચ નુકસાન વળતર માટે રૂપિયા દસ લાખની માંગણી કરેલી છે. આ સિવાય અરજદારે કોઈ પ્રોટેક્શન ઓર્ડરની માંગણી કરેલી નથી કે પોતાના માટે ભરણ–પોષણની અલગથી કોઈ માગણી કરેલી નથી. વિદ્ધાન ટ્રાયલ કોર્ટે પુરાવાનું મૂલ્યાંકન કરી અને અરજદારને માસિક રૂપિયા ૬,૫૦૦/– તથા તેમના સગીર દીકરાને માસિક રૂપિયા ૩,૫૦૦/– ભરણ–પોષણ પેટે અરજી તારીખથી ચઢે ચઢ્યા ચૂકવી આપવા હુકમ કરેલ છે તથા રૂપિયા ૨૫,૦૦૦/– વળતર પેટે ચૂકવવા માટે હુકમ કરેલો છે, જે પુરાવા રેકર્ડ પર આવેલા છે તે જોતા આ રકમમાં કોઈ વધારો કરવો યોગ્ય જણાતું નથી. અરજદારે મુખ્ય અરજીમાં સ્ત્રીધન પરત મેળવવાની કોઈ દાદ માંગેલી જણાતી નથી માટે તે અંગે પણ વિશેષ ચર્ચાને અવકાશ રહેતો નથી. સમગ્ર સંજોગો જોતાં ત્રણ પક્ષકારો વચ્ચે સંપત્તિ વિવાદ હોય તેવું વધારે પ્રતિપાદિત થતું હોય તે અંગે અરજદાર સિવિલ કોર્ટમાં દાવો કરી યોગ્ય ન્યાય મેળવી શકે છે. આ પ્રકારે ડૉમેસ્ટિક વાયરલેન્સ એક્ટનો શોર્ટકટ તરીકે ઉપયોગ કરવો તે કોઈપણ રીતે યોગ્ય કહી શકાશે નહીં. આમ ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત વિરૂદ્ધનો અયોગ્ય, મનસ્વી અને ગેરકાયદેસરનો હોય કે તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર હોય તેવું જણાતું નથી જેથી વિવાદીની પ્રસ્તુત અપીલ મંજુર કરવા પાત્ર જણાતી ન હોય મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**–// હુ ક મ //–**

(૧) વિવાદી/અરજદારની ડૉમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ– ૨૯ અન્વયેની હાલની અપીલ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) આણંદના વિદ્ધાન આઠમા એડિશનલ ચીફ જ્યુડિશિયલ

મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમિનલ પરચુરણ અરજી નંબર– ૨૬૧/૨૦૨૨ ના કામે તારીખઃ ૩૦–૧૦–૨૦૨૫ ના રોજ અરજદાર–વિવાદીની અરજી અંશતઃ મંજૂર કરતો કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ મુળ રેકર્ડ સાથે આણંદના વિદ્વાન આઠમા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને તાત્કાલિક મોકલી આપવી.

આજરોજ તા. ૦૨ માહેઃ જુન, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ આણંદ.

તારીખઃ ૦૨–૦૬–૨૦૨૬.

**(સંજયકુમાર લવજીભાઈ ઠક્કર)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ
આણંદ.
**(યુનિક આઈડી કોડ નંબર–જીજે૦૦૫૮૮)**

IBRaval